# વાહન વ્યવહાર કમિશનરની કચેરી

ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લૉક નં. ૬/3, ગાંધીનગર

ફોન ૦૭૯-૨૩૨૫૭૮૦૯ Email: cot-trans-tax@gujarat.gov.in


YEARS OF CELEBRATING THE MAHATMA

નં.ટેક્ષ/ફા.નં.૪/દસ્તાવેજો/મુદ્દત વધારો/અ.ગુ.ટ્રક.ટ્રાન્સ.એસો./રજૂઆત/ 1272

15 FEB 2021

પ્રતિ,

પ્રમુખશ્રી,

અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન,

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામી નારાયણ મંદિર સામે,

શાહીબાગ રોડ, અમદાવાદ-૦૪.

વિષય :- કોવિડ-૧૯ મહામારી દરમ્યાન મોટર વ્હીકલ એકટ-૧૯૮૮ અને સેન્ટ્રલ મોટર વ્હીકલ રૂલ્સ-૧૯૮૯ હેઠળના દસ્તાવેજોની માન્યતા બાબત.

સંદર્ભ :- એસો. દ્વારા તા. ૦૪/૦૨/૨૦૨૧ ના પત્રથી માન.કમિ.શ્રીને કરેલ રજુઆત

ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે કોવીડ-૧૯ મહામારી દરમ્યાન મોટર વ્હીકલ એકટ-૧૯૮૮ અને સેન્ટ્રલ મોટર વ્હીકલ રૂલ્સ-૧૯૮૯ હેઠળના દસ્તાવેજોની માન્યતા બાબતની રજૂઆત ઉક્ત સંદર્ભવાળા પત્રથી અત્રેની ક્ચેરીના માન.કમિ.શ્રીને તા. ૦૪/૦૨/૨૦૨૧ ના પત્રથી કરવામાં આવેલ.

સદર બાબતે જણાવવાનું કે ભારત સરકારની વિવિધ એડવાઇઝરી ધ્યાને લેતાં તેમાં એન્ફોસમેન્ટ ઓથોરીટીને મોટર વ્હીકલ એક્ટ હેઠળના દ્સ્તાવેજો માન્ય/વેલીડ ગણવાની સુચના છે. પરતું ટેક્ષ/ફી ને માફ કરવાની સુચના નથી. તેથી કાયદાકીય જોગવાઇઓ મુજબ ગુજરાત રાજ્યનો નિયત વેરો/ફી ભરવાપાત્ર થાય છે. ગુજરાતના વાહનો પર પણ હવે નિયમિત રીતે ટેક્ષ/ફી લાગુ પડે છે. હવે કોઇ વાહન પર માફી નથી. આમ આપના એસો.ની રજુઆત વેલીડ નેશનલ પરમીટ / ઓથોરાઇઝેશનના ટેક્ષ અંગેની છે. જે ટેક્ષ અંગે સરકારશ્રી દ્વારા કોઇ માફી આપવામાં આવેલ નથી. જેનાથી આપને વિદિત થવા જણાવવામાં આવે છે.

નોંધ પર માન. કમિ.શ્રીના આદેશ મુજબ.

બિડાણ :- ઉપર મુજબ

ખાસ ફરજ પરના અધિકારી

વાહન વ્યવહાર કમિશનરશ્રીની કચેરી

ગુજરાત રાજય, ગાંધીનગર.

AGTTA

DT. : 24 / 2 /2020

File No. : 19